"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7552 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૦૬/૦૨/૨૦૧૮

તંત્રી શ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**<u>સુરતમાંથી ૧૭માં હૃદયનું દાન.</u>**

**<u>અગ્રહરી વૈશ્ય સમાજ ગુજરાતના મંત્રી બ્રેનડેડ રાજેશકુમાર શિવપ્રસાદ ગુપ્તાના પરિવારે હૃદય, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી છ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.</u>**

**<u>સુરતથી ૨૭૭ કિ. મી નું અંતર ૧૨૦ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદ ઓ.એન.જી.સી ના ડાયરેક્ટર વિસમ યાદવ ઉ.વ ૫૮માં અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં કરવામાં આવ્યું.</u>**

નામ: રાજેશકુમાર શીવપ્રસાદ ગુપ્તા ઉ. વ. ૪૨ બ્લડ ગ્રુપ: O +ve

વ્યવસાય: ડોલવણમાં ઓમસાંઈ એન્ટરપ્રાઈઝના નામથી ફર્નીચર, વાસણ અને ઇલેક્ટ્રોનીક્સ ચીજ-વસ્તુઓનું વેચાણ કરતા હતા.

રહેવાસી : હાઉસીંગ સોસાયટી, પો: ઉનાઈ, તા: વાંસદા જી: નવસારી

કૌટુંબિક વિગત : પત્ની: સંગીતાબેન રાજેશકુમાર ગુપ્તા ઉ.વ. ૪૨

પુત્રો: ૧. આશીષકુમાર રાજેશકુમાર ગુપ્તા ઉ.વ. ૨૧
બારડોલીમાં આવેલ SNP IT & RC, ઉમરખ કોલેજમાં સિવિલ એન્જીન્યરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ.

૨. સૌરભકુમાર રાજેશકુમાર ગુપ્તા ઉ.વ. ૧૯
બારડોલીમાં આવેલ માલીબા કોલેજમાં એસ.વાય. બીકોમ માં અભ્યાસ.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

ફર્નીચર, વાસણ અને ઈલેક્ટ્રોનિક્સ ચીજ-વસ્તુઓના વ્યવસાય સાથે સંકળાયેલ રાજેશકુમાર શુક્રવાર ૨ ફેબ્રુઆરીના રોજ રાત્રે પોતાના ધંધાની ઉઘરાણી માટે પદમડુંગળી ગયા હતા અને ત્યાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે સાંજે ૭:30 કલાકે પદમડુંગરી ઇકો ટુરીઝમ પાસે એક જાનવર એકાએક રસ્તા ઉપર આવી જતા તેને બચાવવા માટે રાજેશકુમારે બ્રેક મારતા તેમનું બાઈક સ્લીપ થઇ ગયું હતું અને તેઓ બાઈક ઉપરથી પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા.

તેમને તાત્કાલિક નજદીકમાં આવેલ વ્યારાની રીધમ હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે રાત્રે ૧૦:30 કલાકે સુરતની મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલમાં ડૉ.એડીબામની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

નિદાન માટે CT સ્કેન કરવાતા બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

સોમવાર તા:૫મી ફેબ્રુઆરીના રોજ ન્યુરોફીઝીશયન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ડૉ. હરેશ પારેખ અને ડૉ. પરેશ ઝાંઝમેરાએ રાજેશકુમારને બ્રેનડેડ જાહેર કર્યા.

મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલના કલીનીકલ આસિસ્ટન્ટ ડૉ. અફતાબ મોતીવાલા અને જન્મભૂમિ ન્યુઝ પેપરના પત્રકાર શ્રી અનીલ મહેતાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રાજેશકુમારના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રાજેશકુમારના પુત્રો આશીષકુમાર અને સૌરભકુમાર, ભાઈઓ અજયભાઈ અને આનંદકુમાર, સાળા શીવકુમાર, મિત્ર પુષ્પેન્દ્રસીંહ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે આમારું સ્વજન જયારે બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે એમના અંગો બળીને રાખ થઇ જાય એના કરતાં તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જયારે હદયના દાન માટે અમદાવાદની સિમ્સ હોસ્પીટલના ડૉ. ધવલ નાયકનો સંપર્ક કરી હદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો.વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે હૃદયનું દાન અમદાવાદની સિમ્સ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમે સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

મેટાસ એડવેન્ટટીસ્ટ હોસ્પીટલ થી અમદાવાદની સિમ્સ હોસ્પિટલ સુધીનું ૨૭૭ કિ. મી નું અંતર ૧૨૦ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ <u>અમદાવાદ ઓ.એન.જી.સી ના ડાયરેક્ટર વિસમ યાદવ ઉ.વ ૫૮ માં</u> ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

વિસમ યાદવ છેલ્લાં ચાર વર્ષથી હૃદયની તકલીફથી પીડાતા હતા. ૨૦૧૬માં તેમની બાયપાસ અને વાલ્વ રીપેર કરવામાં આવ્યા હતો. તેમના હૃદયની કાર્યક્ષમતા ૧૦% થી ૧૫% જેટલી હતી.

છેલ્લા ૨૬ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ સત્તરમો બનાવ છે, જેમાંથી બાર હૃદય મુંબઈ, ત્રણ હૃદય અમદાવાદ, એક હૃદય ચેન્નાઈ, અને એક હૃદય ઇન્દોર મોકલવામાં આવ્યું છે.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદનાં રહેવાસી રાકેશ ભાણાજીભાઈ સદાવ્રતી ઉ.વ. ૩૮ અને બીજી કિડની અમદાવાદના રહેવાસી કમલેશ ગોવિંદભાઈ પરમાર ઉ. વ. ૨૮માં, જ્યારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી ખુશલ હરીશભાઈ પટેલ ઉ.વ. ૩૧માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં રાજેશકુમારના પત્ની સંગીતાબેન, પુત્રો આશીષકુમાર અને સૌરભકુમાર, ભાઈઓ અજયભાઈ અને આનંદકુમાર, સાળા શીવકુમાર, મિત્ર પુષ્પેન્દ્રસીંહ અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ડૉ. હરેશ પારેખ અને ડૉ. પરેશ ઝાંઝમેરા, મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ડેનીશ ચોવાલા, મહેન્દ્રસિંહ દરબાર, અસ્ફાક ઈબ્રાહીમ શેખ, દેવેશ ભરૂચા, હેત દેસાઈ, રાહુલ શર્મા, અંકિત પટેલ, સુભાષ જોધાણી, યોગેશ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૪૧ કિડની, ૯૭ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૦૪ ચક્ષુઓના દાન મેળવીને ૫૬૨ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.</u>

૪....

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીનો માર્ગ તથા અમદાવાદ એરપોર્ટથી સિમ્સ હોસ્પિટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત અને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી તથા નાઈટ લેન્ડીંગ અને ટેકઓફ માટે સુરત એરપોર્ટ ઓથોરીટી ના ડાયરેક્ટર શ્રી દિલીપ સજનાનીનો સહકાર સાંપડ્યો હતો.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. સવારે ૦૫:૩૦ કલાકે અમદાવાદમાં આવેલ CIMS હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલથી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૨. સવારે ૦૫:૪૦ કલાકે ડૉ. ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૩. સવારે ૦૫:૫૦ કલાકે સુરત એરપોર્ટથી ચાર્ટર ફ્લાઈટમાં ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ હૃદય લઇ અમદાવાદ જવા રવાના થયા.

૪. સવારે ૦૬:૫૧ કલાકે ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ અમદાવાદ એરપોર્ટ પહોચ્યા.

૫. સવારે ૦૭:૦૦ કલાકે ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ અમદાવાદ એરપોર્ટથી CIMS હોસ્પિટલ જવા રવાના થયા.

૬. સવારે ૦૭:૩૦ કલાકે ડૉ. ધીરેન શાહ અને તેમની CIMS હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ <u>અમદાવાદ ઓ.એન.જી.સી ના ડાયરેક્ટર વિસમ યાદવ</u> ઉ.વ ૫૮ માં કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, ડૉ, ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**